ક્રમાંક:રાપબો/CET-GSSY/2024/૧૮૦૯ - ૧૮૮૯

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૦૨/03/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:ધોરણ-૮ જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૪ના માર્ગદર્શન માટેના વિડીયોના પ્રસારણમાં ફેરફાર બાબત.

સંદર્ભઃ-આ કચેરીના તા.૧૨/૧૨/૨૦૨૩ પત્રાંકઃરાપબો/CET/૨૦૨૩/૧૮૫૦૨-૧૮૬૦૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભના પત્રથી જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના માટે દર શુક્રવાર ૪.00 થી ૫.00 કલાક તથા ધોરણ-૫ના વિદ્યાર્થીઓ માટે કોમન પ્રવેશ પરીક્ષાના માર્ગદર્શન માટે દર શનિવાર ૯.00 થી ૧૦.00 કલાકે વિડીયોના પ્રસારણનું આયોજન કરેલ હતું. તે સંબંધે કોમન પ્રવેશ પરીક્ષા ધોરણ-૫ અને જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ ધોરણ-૮ના વિદ્યાર્થી તેમજ સંબંધિત વર્ગના શિક્ષકશ્રી આ કાર્યક્રમ નિહાળે તે માટેના સમયપત્રક સાથેનો પત્ર આપને પાઠવેલ હતો.

ઉકત સમયપત્રકમાં તા.૦૮/૦૩/૨૦૨૪ના શુક્રવાર, સમય ૪.00 થી ૫.00 દરમ્યાન ધોરણ-૮ જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજનાના વિડીયોના પ્રસારણનું આયોજન હતું. જે દિવસે મહાશિવરાત્રીની જાહેર રજા હોઇ, સદરહું પ્રસારણ <u>તા.૦૭/૦૩/૨૦૨૪ના ગુરૂવારના રોજ સમય ૪.00 થી ૫.00 કલાકે</u> કરવામાં આવશે જે બાબતની જાણ આપના તાબા હસ્તકની શાળાઓને કરવા વિનંતી છે.

સદર પ્રસારણ વિદ્યા સમીક્ષા કેન્દ્ર, (VSK) ના સ્ટુડિયો દ્વારા બાયસેગ નેટવર્કના માધ્યમથી નીચેની ચેનલ પર ઉકત તારીખ અને સમયે કરવામાં આવશે.

1. વંદે ગુજરાત ચેનલ નંબર-૫ (બાયસેગ ડીશ અથવા JIO TV)
2. યુ ટયુબ ચેનલ (લાઇવ) GujaratEclass

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- ૪૩૬૮
તારીખ :-
સંબંધ :-
સહી :-

કન્વીનર
વિદ્યા સમીક્ષા કેન્દ્ર તેમજ
અધ્યક્ષ, રાજ્ય પરીક્ષા બોર્ડ,
ગાંધીનગર.

નકલ રવાના કાર્યવાહી અર્થે,
- નિયામકશ્રી, બાયસેગ સ્ટુડીયો, ગાંધીનગર.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર સ્ટુડીયો, સેકટર-૧૯, ગાંધીનગર.